**ક્રિમીનલ કેસ નં.૧૩૪૧/૧૬**

**:: આંક–૪૬ લગત હુકમ ::**

**(૧)** આ કામે મુળ ફરીયાદીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૦ હેઠળ હાલની આ અરજી આપી આરોપી યુસુફ ઉર્ફે સુબો આદમ ભુરા પટેલ નાએ ફોજદારી કેસ નં.૧૩૪૧/૧૬ માં આંક–૪૦ ની અરજીના સમર્થનમાં ખોટા કથનો કરેલા તેમજ આંક–૪૧ થી ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય, તેઓની સામે સીઆર.પી.સી. કલમ ૩૪૦ ની સાથે સીઆર.પી.સી. ની કલમ ૧૯૫ વાંચી ઈપીકો કલમ ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૬, ૧૯૯ તેમજ અન્ય જોગવાઈઓ હેઠળ ગુનો બનતો હોય તેમા પ્રાથમીક તપાસ કરી ન્યાયના હિતમાં તાત્કાલીક પગલા ભરી યોગ્ય કાર્યવાહી કરવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૨)** ત્યાર બાદ ફરીયાદી તર્ફે મૌખિકમાં એવી રજુઆત છે કે, આરોપી તર્ફે બીમારી અંગેના જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે બે વર્ષ પહેલાના છે, બીમારી હાલમાં ચાલુ છે તે રેકર્ડ પર લાવેલ નથી. તેઓનો એક પુત્ર વિદેશમાં રહે છે તે વેલશેટ છે. જેથી કુંટુંબની જવાબદારી તેઓના શીરે નથી, સર્વે નં.૧૦૦૭ વાળી ખેતીના ઉતારા પણ એક વર્ષ જુના રજુ કરેલા છે અને જે તે સમયે પાવર ઓફ એટર્ની ને આધારે વેચાણ કરેલ છે. સર્વે નં.૧૪૭ વાળી જમીન ૨૦૧૦ માં સંપાદન થઈ ગયેલ છે અને કબજો જી.આઈ.ડી.સી. નો છે તેના પૈસા આરોપીને મળી ગયેલ છે, આમ આરોપી ખોટા દસ્તાવેજો રજુ કરી નામદાર કોર્ટને ગેર માર્ગે દોરેલ હોય અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓએ અરજીના સમર્થનમાં ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૧૫૫ ગુજરાત પીપાવાવ પોર્ટ લી. વિરુધ્ધ શારદા સ્ટીલ કોર્પો. નો ચુકાદો રજુ કરેલ છે અને સીઆર.પી.સી.કલમ ૩૪૦ ની અરજી સંદર્ભે સામાવાળાને સાંભળી શકાય નહી તેવી રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ તેઓની

અરજીના સમર્થનમાં સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન (કવોશીગ) નં.૭૬૬૬/૨૦૧૬ સ ેજલબેન તેજશભાઈ ચોવટીયા વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, તેમજ સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ) નં.૬૨૦૬/૨૦૧૬, આશારામ સ/ઓ. થાવરદાસ વિરુઘ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, તેમજ સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ) નં.૭૯૪૬/૨૦૧૬ સંત આશારામ વિરુઘ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૩) ઉભય પક્ષની રજુઆત ઘ્યાને લીધી, આ કામનું સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. ફરીયાદી તર્ફે આંક–૪૭ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. ફરીયાદી તેઓની હાલની આ અરજીમાં અરજીના કારણ નં.૧ માં આરોપી આંક–૪૦ ની અરજીના પેરા નં.૫ માં જણાવેલ કે ખેતી કામ કરે છે અને તેના સમર્થનમાં તેઓએ તેમના કબજેદાર તરીકેના નામની ખેતીની જમીનના પુરાવામાં મોજે ગામ વાગરાની સર્વે નં.૧૦૦૭ તેમજ મોજે ગામ જુનેદની સર્વે નં.૧૪૭ ની તા.૩૧/૧૨/૧૭ ની જુની નકલ આંક–૪૧ થી રજુ કરેલ છે. જયારે ખરી હકીકતમાં સર્વે નં.૧૦૦૭ વાળી ખેતીની જમીન આરોપીના નામે નથી તેમજ તે જમીન બીજા ઈસમ રાજ મહમદભાઈ જશભાના નામે ચાલી આવે છે જેની તા.૨૫/૬/૧૮ ના રોજની નકલ અલગ લીસ્ટથી રજુ કરેલ છે જેથી આરોપીએ ખોટા દસ્તાવેજી પુરાવો રજુ કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરેલ છે તેવી રજુઆત કરેલ છે. ત્યારે આરોપી તર્ફે આંક–૪૧ ના લીસ્ટથી રજુ સવે નં.૧૦૦૭ મોજે વાગરાના ગામ નમુના નં.૭ ની નકલ વંચાણે લેતા તે આરોપીના નામની હોવાનું જણાય છે. જયારે ફરીયાદીએ આંક–૪૭ ના લીસ્ટથી રજુ કરેલ સર્વે નં.૧ ૦૦૭ મોજે વાગરાની ગામ નમુના નં.૭ ની નકલ વંચાણે લેતા રાજ મહંમદભાઈ જશભા ના નામની હોવાનું જણાય છે. પરંતુ ફરીયાદીએ સર્વે નં.૧૦૦૭ વાળી જમીન રાજ મહંમદભાઈ જશભા ના નામે શા આધારે આવે છે તેવો કોઈ આધાર પુરાવો રેકર્ડ પર રજુ રાખેલ નથી તે સંદર્ભે તેઓએ કોઈ રેવન્યુ ખાતાના કોઈ

કર્મચારીને તપાસવા તસ્દી લીધેલ નથી. વધુમાં ફરીયાદીની મૌખિકમાં એવી રજુઆત છે કે, સર્વે નં.૧૦૦૭ વાળી જમીન આરોપીએ જે તે સમયે પાવર ઓફ એટર્ની ને આધારે વેચાણ કરેલ છે, પરંતુ રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી તર્ફે આવા કોઈ જ પાવર ઓફ એટર્નીની નકલ રજુ રાખેલ નથી, આમ ફરીયાદી જયારે અરજી લઈને આવેલા હોય ત્યારે સમગ્ર હકીકત રેકર્ડ પર લાવવાની જવાબદારી ફરીયાદીની છે. પરંતુ વાદગ્રસ્ત દસ્તાવેજ ખોટા છે તેવી કોઈ જ હકીકત ફરીયાદી રેકર્ડ પર લાવી શકેલા નથી. તે સંજોગોમાં ફરીયાદીની સદરહું રજુઆતને માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદીની એવી રજુઆત છે કે, સર્વે નં.૧૪૭ ની ૭/૧૨ ની જુની તારીખવાળી નકલ જોતા તેમાં સદર જમીન જી.આઈ.ડી.સી.માં સને ૨૦૧૦ માં સંપાદન થયેલ છે જે ગામ નમુના નં.૭/૧૨ માં જાહેરનામાની નોધ નં.૨૨૭૧ થી પડેલ છે તે આરોપીએ આંક–૪૦ ની અરજીમાં નહી જણાવી અરજીમાં ખોટુ કથન કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરેલ છે. પરંતુ આરોપી તર્ફે તેઓની આંક–૪૦ ના સમર્થનમાં આંક–૪૧ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ સર્વે નં.૧૪૭ ગામ જુનેદના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ વંચાણે લેતા તેમાં સદર જમીન જી.આઈ.ડી.સી. જાહેરનામુ આવવાથી સંપાદન (૨૨૭૧) લખેલાનું જણાય છે. તે સંજોગોમાં ફરીયાદીની સદરહું રજુઆતને પણ માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદીએ તે સંદર્ભે રેવન્યુ ખાતાના કે જમીન સંપાદન ખાતાના કોઈ કર્મચારીને તપાસવા કોઈ તસ્દી લીધેલ નથી. તે સંજોગોમાં પણ ફરીયાદીની સદર રજુઆતને પણ માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદી તર્ફે રજુ કરવામાં આવેલ સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન (કવોશીગ) નં.૭૬૬૬/૨૦૧૬ સેજલબેન તેજશભાઈ ચોવટીયા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, તેમજ સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ) નં.૬૨૦૬/૨૦૧૬, આશારામ સ/ઓ. થાવરદાસ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, તેમજ સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ) નં.૭૯૪૬/૨૦૧૬ સંત આશારામ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ના ચુકાદાઓને માનસહ વંચાણે લેવામાં આવેલ છે. પરંતુ હાથ પરના

કેસની હકીકત તેમજ ઉપરોકત ચુકાદાઓની હકીકત અલગ અલગ હોય ઉપરોકત ચુકાદાઓ ફરીયાદીને મદદરુપ થઈ શકશે નહી તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે. તે તમામ સંજોગોમાં હાલની આ અરજી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના ફરીયાદીની હાલની આંક–૪૬ વાળી અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૫ મી, માહેઃ જુલાઈ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**DATE: 25-07-2018**
**PLACE:VAGRA**

**(SAGARKUMAR SHANTILAL PRAJAPATI)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS,**
**VAGRA,**
**CODE NO.GJ01482**